શોજી. PGVCL
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ
PGVCL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૬/કવા–૦૧/૧૮–૧૯/ 7771 તા. 20-08-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
વરવાભાઈ સામતભાઈ વારોતરીયા,
ગામ: કેશવપુર, વાડી વિસ્તાર
તા.કલ્યાણપુર,
જી: દેવભુમી દ્વારકા – 361320
મો: ૯૮૭૯૬ ૬૮૪૫૦

**વિષય :–ખેતીવાડી મા વીજલાઈન શીફટીગ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૪–૦૬–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૭૬/કવા–૦૧/૧૮–૧૯)**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, ભાટીયા

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૭૬/કવા–૦૧/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૧૦–૦૮–૧૮ | સ્થળ : દ્વારકા |

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: વરવાભાઈ સામતભાઈ વારોતરીયા, ગામ: કેશવપુર

રજુઆત કરનાર: અરજદાર વરવાભાઈ સામતભાઈ વારોતરીયા હાજર રહેલ છે.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, ભાટીયા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)

રજુઆત કરનાર :આર.વી.સોમાણી – ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, દ્વારકા

## : હુકમ :

ફરીયાદ : ખેતીવાડી મા વીજલાઈન શીફટીગ બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, અરજદાર ની ખેતીની જમીન કલ્યાણપુર તાલુકાના ગામ:કેશવપુર ખાતે સર્વે નંબર: ૨૬૪ ( જુના રેસ. નં. – ૫૦/૧ ) ની જમીન હે.–૦૪–૯૫–૮૩ થી આવેલ છે. આ જમીન ની મધ્યમા ૧૧ કેવી એચ.ટી.લઈન પસાર થાય છે. સદર વીજતાર જર્જરીત હાલત મા છે. તાર નીચે રહેણાંક ના મકાન આવેલ છે. તેનુ વિસ્તરણ કરી મકાન બે માળ ના બનાવવાના છે. રૂબરૂ નિરીક્ષણ કરી લાઈન શેઢા પર કરી આપવા વિનંતી સાથે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી વરવા સામત વારોતરિયાદ્વારા કલ્યાણપુર પેટા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતા મુ. કેસવપુર,વાડી વિસ્તાર ખાતે વીજલાઈન સમારકામ અને નડતરરૂપ લાઈન ને દુર કરવાની રજૂઆત કરેલ છે. જે અનુસંધાને પેટાવિભાગીય કચેરી કલ્યાણપુર દ્વારા રૂબરૂ સ્થળ મુલાકાત અરજદાર શ્રી વરવા સામત વારોતરિયા ની હાજરીમાં ખેતીવાડી વિજલાઇન શિફ્ટીંગ કરવા માટે સર્વેની કામગીરી તા.13.07.2018 ના રોજ પૂર્ણ કરેલ છે. જે અનુસંધાને જરૂરી અંદાજપત્ર પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર ૫૫૧૦ થી તા.૧૩.૦૭.૨૦૧૮ આપવામાં આવેલ છે જે અરજદાર દ્વારા ભરપાઈ કર્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, ખેતીવાડી વીજલાઈન શીફટીગ કરવા માટે અરજદાર ને તા.૧૩–૦૭–૧૮ ના રોજ ભાવપત્રક અપાયેલ છે. જે ભરપાઈ થયા બાદ – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નિયમાધીન કાર્યવાહી કરવામા આવશે. જે બાબત નિયમાધીન છે. વધુમાં અરજદાર ની રજુઆત મુજબ વીજલાઈન જર્જરીત થયેલ હોય –જો અરજદાર ની અરજી બાદ – સદર બાબતે ખરાઈ કરાયેલ ન હોય તો – અરજદાર / તેના પ્રતિનીધી ની |

| | |
|---|---|
| | હાજરી માં દિન–૦૭ મા જરૂરી સર્વે કરી – જરૂર જણાયે વીજલાઈન ના સમારકામ ની કામગીરી કરવી, તેમ સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u> **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતેની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

ગેરહાજર
**(એન.ડી.ધામેલીયા)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫''** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.